મનપાને ફાઈલો સુપ્રત કરવાનો નિર્ણય સ્થગિત, વિકાસ પરવાનગી આપવાની કામગીરી ગુડા હસ્તક

અગાઉ ગુડાને મહાનગરપાલિકામાં ફાઇલો સુપ્રત કરી દેવા જણાંવાયુ હતુ : ગુડાનો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવી લેવાતા આ નિર્ણય લેવાયો હતો : હાલ ગુડાના અધિકારીઓને આ કામગીરી ચાલુ રાખવા સુચના

ગાંધીનગર તા ૧૮

ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થઇ જતા અગાઉ આ વિસ્તારમાં વિકાસ પરવાનગી કે બી યુ પરમિશન આપવા સહીતની પ્રક્રીયા કોર્પોરેશનને સંભાળી લેવા માટે પણ તૈયારીઓ કરી દેવામાં આવી હતી. આ અન્વયે જરૂરી ફાઇલો પણ મહાનગરપાલિકને સોંપી દેવા માટે નિર્ણય કરાયો હતો. પરંતુ અચાનક જ આ નિર્ણયમાં ફેરફાર કરાયો છે. હાલ વિકાસ પરવાનગી સહીતની કામગીરી ગુડા હસ્તક જ રાખવા નિર્ણય લેવાયો છે.

ગુડાના પાસેથી લઇને મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરી દેવાયેલા વિસ્તારમાં હજુ પણ વિકાસ પરવાનગી આપવાની પ્રક્રીયા ગુડા દ્વારા જ કરવામાં આવી રહી છે. જયારે થોડા સમય અગાઉ આ તમામ કામગીરી કોર્પોરેશન હસ્તક કરી દેવા માટે નિર્ણય લેવાયો હતો તેમજ તેને સંબંધિત ફાઇલો પણ ગુડાએ મહાનગરપાલિકાને સોંપી દેવા માટે આયોજન કરી દેવાયુ હતુ. જયારે હવે ટુંકા ગાળમાં જ આ નિર્ણયને પણ સ્થગિત કરી દેવાયો છે. જેની પાછળ મહાનગરાપાલિકા પાસે મેનપાવરનો અભાવ હોવાની સાથે કામગીરી યોગ્ય રીતે ન થઇ શકે તેમ હોવાનુ પણ મનાઇ રહ્યુ છે. કર્મચારીઓ તેમજ અધિકારીઓના અપુરતા મહેકમના લીધે આ કામગીરી પર વિપરિત અસર થાય તેવી પણ સંભાવના છે. ગુડાના જુના વિસ્તારમાં બી યુ પરવાનગી , નોન ટી પી ફાઇનલ પ્લોટ, વિકાસ પરવાનગી, ટી પી બનાવવા સહિતની કામગીરી પણ હાલ ગુડાના તંત્ર દ્વારા જ કરવામાં આવી રહી છે. જયારે આ કામગીરી કોર્પોરેશન હસ્તક જ થતી હોવાનુ મનાય છે. જયારે આ કામગીરી સત્તાવાર રીતે મહાનગરપાલિકાના તંત્રને સોપી દેવા જણાંવાયુ હતુ. આ સઘળી કામગીરીના જાણકારો મહાનગરપાલિકામાં પણ છે. જેથી આ કામગીરી કોર્પોરશન હસ્તક સોંપી દેવામાં આવે તો પણ સરળતા રહે તેમ પણ માનવામાં આવી રહ્યુ હતુ. જેને અનુલક્ષીને ૧૫૦ જેટલી ફાઇલો કોર્પોરેશનને સોંપી દેવા માટે પણ સુચના આપી દેવામાં આવી હતી પરંતુ આખરે આશ્ચર્યજનક રીતે આ નિર્ણયમાં ફેરફાર કરી દેવાયો છે. આ કામગીરી કોર્પોરેશનને સોંપવાનો નિર્ણય સ્થગિત કરી દેવાયો છે. જેથી ગુડાના વહીવટી અધિકારીઓને વિકાસ પરવાનગી સહીતની પ્રક્રીયા ચાલુ રાખવા અને ફાઇલો નહીં ખસેડવા માટે પણ સુચના આપવામાં આવી છે.

આજ મૌસમ બડા બેઈમાન હૈ... ક્યારેક ઠંડી, ક્યારેક ગરમી તો ક્યારેક વાદળછાયુ વાતાવરણ આવી પંક્તિઓ ગણગણવા મજબૂર કરે છે. આજકાલ ઋતુ પરિવર્તનનો ગાળો ચાલી રહ્યો છે. બહુ ઠંડી નહી અને બહુ ગરમી નહી તેવુ મનભાવન વાતાવરણ અનુભવાઈ રહ્યુ છે. વાદળોની અવરજવર અને વસંતમાં ખીલેલા પુષ્પો શહેરને હિલસ્ટેશન જેવુ બનાવી રહ્યા છે.

આંતરિક શરીર રચના ઉલટસુલટ ધરાવતા દર્દીની જટીલ સર્જરી પાર પાડતા ગાંધીનગરના સર્જનો

કરોડોમાં એકાદ હોય તેવી દુર્લભ શરીર રચના ધરાવતા દર્દીના શરીરમાંથી આઠ કલાકની જહેમતે કેન્સરની ગાંઠ દૂર કરાઇ : હૃદય, ફેફસાં, લીવર, આતંરડા સહિત તમામ રચના ઉલટી હતી

ગાંધીનગર તા.૧૮

એવું કહેવાય છે કે કોઈના હૃદયમાં સ્થાન પામવું એ ખૂબ મોટી બાબત ગણાય છે પરંતુ કોઈ વ્યક્તિના હૃદયનું સ્થાન જ તેના શરીરમાં અલગ જગ્યાએ હોય તેવા વ્યક્તિઓ તો કરોડોમાં કોઈક જ હોય છે. આવા જે એક વિશેષ વ્યક્તિનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યંત જટિલ કહી શકાય તેવું ઑપરેશન તબીબો દ્વારા આઠ કલાકની જહેમતના અંતે સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થોડા દિવસ પહેલા વિરમગામમાં રહેતા કાળુભાઇ રાવળ નામના ૪૩ વર્ષીય વ્યક્તિ પેટમાં દુઃખાવો થતો હોવાની ફરિયાદ સાથે ઓપીડીમાં બતાવવા માટે આવ્યાં હતાં. આ સાથે તેમને સતત ઊલટી થતી હોવા ઉપરાંત તેમની આંખો પણ પીળી થઈ જતી હોવાની ફરિયાદ હતી. ઓપીડી દરમ્યાન ફરજ પરના તબીબે પ્રાથમિક તપાસમાં તેમને કમળો હોવાનું નિદાન કર્યું હતું પરંતુ વધુ તપાસ માટે સિટી સ્કેનની સલાહ આપવામાં આવી હતી જે અનુસાર કાળુભાઇએ સિટીસ્કેન કરાવતા તબીબોને ખ્યાલ આવ્યો કે કાળુભાઈનું હૃદય તેમના શરીરમાં ડાબી તરફ નહીં પરંતુ જમણી તરફ છે. કાળુભાઇના શરીરમાં માત્ર હૃદય નહીં પરંતુ મોટા ભાગનાં અંગો ઉલ્ટા સુલ્ટા જોવા મળ્યાં જેમાં હૃદય ડાબે તરફની જગ્યાએ જમણી તરફ, લીવર જમણીની જગ્યાએ ડાબી બાજુ, તેજ રીતે સ્વાદુપિંડ, બરોડ, નાનું આંતરડું, મોટું આંતરડું, ફેફસાં વગેરે જેવા તમામ અંગો જે સામાન્ય વ્યક્તિમાં હોય તેના કરતાં ઊલટી તરફ છે એટલે કે તેમનું શરીરની અંદરનું મિકેનિઝમ મિરર ઇમેજ ધરાવતું હોય તે રીતનું છે. આવી સ્થિતિ ખુબ જ દુર્લભ કિસ્સામાં જોવા મળે છે અને કરોડોમાં એકાદ વ્યક્તિમાં આવી તકલીફ હોય છે. વળી આ

સાથે કાળુભાઈની પિત્તનળી જ્યાં સ્વાદુપિંડ સાથે જોડાય છે ત્યાં કેન્સરથી નાની ગાંઠ પણ જોવા મળી હતી જેનું ઓપરેશન સત્વરે કરવું જરૂરી હતું. જોકે કાળુભાઈના શરીરની અંદરની રચના મિરર ઇમેજમાં હોવાને કારણે આ ઓપરેશન અત્યંત જટિલ હતું અને તેમાં જો જરા પણ ચૂક થાય તો દર્દી તેનો જીવ ગુમાવી શકે તેવી નાજુક પરિસ્થિતિ સાથે પડકારજનક કાર્ય કરવાનું હતું. જોકે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની સર્જરી વિભાગની ટીમે આ ઑપરેશન કરવાનું બીડું ઝડપ્યું હતું અને ગઈકાલે રાત્રે સળંગ આઠ કલાક સુધી તબીબોએ જહેમત કરીને આ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું જેમાં કેન્સરની ગાંઠને દૂર કરવામાં આવી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબોની આ પ્રશંસનીય જહેમતને કારણે કાળુભાઈ કેન્સરના મોટા જોખમથી હાલ તો બચી જવા પામ્યા છે.

અત્યંત જટિલ ઓપરેશન પાર પાડનાર તબીબ ટીમ

કરોડો વ્યક્તિઓમાં એકાદ કિસ્સો જોવા મળે તેવા અત્યંત દુર્લભ કહી શકાય તેવી શરીર રચના ધરાવતા કાળુભાઈના શરીરમાં આઠ કલાકની મેરાથોન મહેનતને અંતે કેન્સરની ગાંઠ દૂર સફળતાપૂર્વક દુર કરવાના અત્યંત જટિલ ઓપરેશનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સર્જરી વિભાગના ડો.હિરેન પરમાર, ડો. મૃગેશ ચુડાસમા, ડો. પ્રજેશ પટેલ, ડો.રવિ પટેલ તથા ડો. વિકાસ શર્માનો સમાવેશ થાય છે. આ ઓપરેશનમાં કેટલીક નળીઓને પહેલા બ્લોક કરવી પડે પરંતુ દર્દીનાં શરીરનાં તમામ અંગો ઉલટસુલટ હોવાને કારણે જો તબીબોની એકાદ નાની સરખી ચૂક પણ દર્દીનો જીવ જોખમમાં મૂકી શકે તેમ હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિશુનિકેતનમાં થયા વિદ્યારંભ સંસ્કાર

ગાંધીનગર, તા.૧૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગના શિશુનિકેતન (ધ રિયલ પ્રિ-સ્કૂલ) દ્વારા ૧૮મી ફેબ્રુઆરીએ વિદ્યારંભ સંસ્કાર યોજાઈ ગયો. જેમાં ૨૧ બાળકોના પરિવારો જોડાયા હતા. હિન્દુ ધર્મમાં ૧૬ સંસ્કારોનું મહત્ત્વ છે. જેમાંનો એક સંસ્કાર એટલે વિદ્યારંભ, જેનાથી બાળકના અક્ષરજ્ઞાનનો પ્રારંભ થાય છે. શિશુનિકેતન વિભાગ ત્રણથી પાંચ વર્ષનાં બાળકોના અભ્યાસ માટે કામ કરે છે. રાજ્ય સરકાર દ્વારા પૂર્વ પ્રાથમિક શાળાઓને ઑફલાઈન ખોલવાની મંજૂરી અપાઈ છે, ત્યારે શિશુનિકેતન વિભાગમાં સરસ્વતી પૂજન, દેવવંદના તેમજ યજ્ઞ સાથે બાળકોના વિદ્યારંભનો પ્રારંભ કરાયો છે. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે, દરેક ઘરમાં એક ગ્રંથમંદિર હોવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, પાંચ વર્ષ સુધીનાં બાળકોને અપાતું તમામ જ્ઞાન એ અક્ષયજ્ઞાન છે. આથી બાળકોમાં સંસ્કાર નાનપણથી જ વિકસાવવા જોઈએ. આ પ્રસંગે વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે શિશુનિકેતનમાં આગળના અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરી હતી. આ પ્રસંગે સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના ડાઈરેક્ટર ડૉ. રાકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. યજ્ઞાદિ બાદ શિશુનિકેતનનાં પ્રધાનાચાર્ય દિવ્યાબહેન રાવળ તથા શિક્ષિકા આશાબહેન રાઠોડે બાળકોને ઓમ, શ્રી તેમજ સ્વસ્તિકના પ્રતીકના અક્ષરાંકન સાથે વિદ્યારંભ કરાવ્યો હતો.

આજે સસ્તા અનાજના વેપારીઓ વળતર સહાયના વિલંબ સામે બંધ પાળશે

કોરોનાના સમયગાળામાં સરકારે ગરીબોને મફત અનાજ વિતરણ વખતે સસ્તા અનાજના વેપારીઓને કોરોના વોરિયર્સ ગણાવ્યા હતા. પરંતુ કોરોનામાં સસ્તા અનાજના વેપારીઓ ગુજરી ગયા હોવા છતાં તેમને કોઈ પ્રકારનું વળતર આપવામાં આવ્યું નથી. તેના વિરોધમાં શનિવારે સમગ્ર ગુજરાતની વ્યાજબી ભાવના દુકાનદારો એક દિવસની પ્રતિક હડતાળ પાડશે અને વિતરણ વ્યવસ્થાથી અળગા રહેશે.

વેપારીઓએ એવી ફરિયાદ કરી હતી કે ગોડાઉનથી માલ પૂરો આવતો નથી, ફાટેલા બારદાનમાં અનાજ ભરી વેપારીઓને મોકલવામાં આવે છે અને માલની જે ઘટ પડે છે તે સરભર પણ અગાઉ કરી આપવામાં આવી હતી તે મુજબ એ કરી આપવામાં આવતી નથી. ગાંધીનગર જિલ્લા ફેરપ્રાઈઝ શોપ્સના મંત્રી પરમાર નરેશકુમારના જણાવ્યા મુજબ વિતરણ ઘટ દુકાનદારો દ્વારા વિતરણ કરવામાં આવતા જથ્થામાં એક ટકો વિતરણ ઘટ પડે છે. જેના પરિણામે ફિઝિકલ સ્ટોક અને ડેસ બોર્ડ ઉપરના સ્ટોકમાં તફાવત આવતા તપાસણી અધિકારીઓ દ્વારા યેનકેન પ્રકારે દુકાનદારોને પરેશાન કરવામાં આવે છે અને દંડ ફટકારવામાં આવે છે.

સેક્ટર-૧૪ ખાતે બીજેપી અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સંત રવિદાસજીની જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચા મહાનગર ભાજપના મિડીયા કન્વીનર ડૉ. ગુલાબચંદ પટેલ, શ્રી કાંતિભાઈ પટેલ સંગઠન મંત્રી (એડવોકેટ) અને અમરતભાઈ પરમાર શહેર મંત્રી દ્વારા અંબાજી મંદિર સેક્ટર-૧૪ ખાતે સંત શિરોમણિ રવિદાસજીની ૬૪૫ મી જન્મ જયંતિ ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અનુસૂચિત જાતિ મોરચા મહાનગર ભાજપના પ્રમુખ વિરેન્દ્ર જાદવ, શહેર મંત્રી અમરતભાઈ પરમાર અને સંગઠન મંત્રી વોર્ડ ૬ ના મ્યુનિસિપલ કાઉન્સીલર ગૌરાંગ વ્યાસ, પ્રેમલતા અને નિલેશભાઈ મેહરીયાની ઉપસ્થિતિમાં સંત શિરોમણિ રવિદાસજીની ૬૪૫ મી જન્મ જયંતિ ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સંત રવિદાસજીની પ્રતિમાને પ્રમુખ વિરેન્દ્ર જાદવ, મંત્રી અમરતભાઈ પરમાર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જાદવ નું ખેસ પહેરાવી મનુભાઈ પારેખ બીજેપી કાર્યકર શિવ શક્તિ સોસાયટી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અમરતભાઈ પરમાર, શહેર મંત્રીનું સન્માન જીવણભાઈ પરમાર દ્વારા તથા પ્રેમલતાબેન કાઉન્સીલરનું સન્માન ઉષાબેન રમેશભાઈ પરમાર દ્વારા અને ગૌરાંગ વ્યાસનું ખેસ પહેરાવી સન્માન શુકલભાઈ કાર્યકર શિવ શક્તિ સોસાયટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાંતિભાઈ પરમાર દ્વારા સેક્ટર-૧૪ ખાતે સ્કૂલ અને પોસ્ટ ઓફિસની વ્યવસ્થા કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી, ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા સેક્ટર-૧૪ ખાતે સિનિયર સિટીઝન ડોમ અને લાઈબ્રેરી શરૂ કરવામાં આવે તથા આંતરિક રોડ નું રીપેર કરવા રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમમાં સેક્ટર-૧૪ ના વસાહતના ભાઈ બહેનો અને કાર્યકર ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાંતિભાઈ પટેલ (એડવોકેટ) સંગઠન મંત્રી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

હવે મોબાઈલની એક ક્લિક પર મળશે ડોરસ્ટેપ ડીઝલ ડિલિવરી..!!

આજથી ગાંધીનગરમાં રેપોઝ બીટા મોબાઈલ પેટ્રોલ પંપના સ્ટાર્ટઅપનો રોડ શો : શહેરમાં વિવિધ પેટ્રોલ પંપ આઉટલેટ્સ પર રેપોઝ બીટા પ્રદર્શન કરશે

ગાંધીનગર, તા.૧૮

શું તમે તમારા કોમર્શિયલ વાહનમાં ડીઝલ ભરાવવા માટે પેટ્રોલ પંપની લાંબી લચક લાઈનોમાં ઊભા રહેવાથી કંટાળી ગયા છો? શું આપ ક્યારેય વાહનમાં રસ્તા વચ્ચે ડીઝલ ખાલી થઈ જવાથી પરેશાનીનો ભોગ બન્યા છો? તો હવે તમને મળશે તમારી આ સમસ્યાઓથી છુટકારો, કેમકે શહેરમાં શહેરમાં એક એવી સેવા શરૂ થઈ રહી છે જે આપ ઈચ્છો ત્યાં આવીને આપના વાહનમાં ડીઝલ ભરી આપવાની સેવા આપશે. ગાંધીનગરમાં તા.૧૯ અને ૨૦ ફેબ્રુઆરી એમ બે દિવસ દરમ્યાન રેપોઝ બીટા મોબાઈલ પેટ્રોલ પંપના સ્ટાર્ટ અપનો રોડ શો યોજાશે. ગ્રાહકની તેની જરૂરિયાત મુજબ રેપોઝ એપ દ્વારા ઓર્ડર આપી શકશે.

ઈંધણ ઊર્જા વિતરણમાં અગ્રણી રેપોઝ એનર્જીએ રેપોઝ ૨.૦ દ્વારા બીટા મોબાઈલ પેટ્રોલ પંપ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ નવો ક્રાંતિકારી મોબાઈલ પેટ્રોલ પંપ કોર્પોરેટ અને વ્યક્તિઓને વાણિજ્યિક હેતુઓ માટે ઓછી માત્રામાં ઈંધણની ડિલિવરી સુધી પહોંચવામાં સક્ષમ બનાવશે. રેપોઝ બીટા દેશભરમાં રોડ શો કરી રહ્યું છે. આ દેશવ્યાપી ઝુંબેશ ડિસેમ્બર ૨૦૨૧માં શરૂ થઈ હતી. રતન ટાટા સમર્થિત રેપોઝ બીટા સંભવિત ગ્રાહકોને વાસ્તવિક સમયનો અનુભવ આપવા માટે સમગ્ર શહેરમાં વિવિધ પેટ્રોલ પંપ આઉટલેટ્સ પર પ્રદર્શિત કરવામાં આવશે. આનાથી હાલના પેટ્રોલ પંપ ડીલરોને લઘુત્તમ રોકાણ સાથે તેમનો પોતાનો વ્યવસાય વધારવામાં મદદ મળશે, કારણ કે તેઓ હવે તેમની પહોંચ વિસ્તારી શકશે અને તમામ ક્ષેત્રોમાં વધતી જતી માંગને ઝડપી ગતિએ પૂરી કરી શકશે.

બીટા મોબાઈલ પેટ્રોલ પંપના લોન્ચ અંગે રેપોઝ એનર્જીના સહ-સ્થાપક ચેતન વલુંજએ જણાવ્યું હતું કે 'આગામી વર્ષોમાં ઈંધણની માંગ વધવાની છે, અને આપણે બગાડને અટકાવતી કાર્યક્ષમ ડિલિવરી સેવાઓ સાથે તૈયાર રહેવાની જરૂર છે. હવે ઊર્જા ક્ષેત્રે એ સમય આવી ગયો છે જેનું નામ છે વિતરણ ક્રાન્તિ. રેપોઝ બીટા મોબાઈલ પેટ્રોલ પંપ લોન્ચ કરવાનો અર્થ છે એક ક્લિક પર ડોરસ્ટેપ ડીઝલ ડિલિવરી મેળવવી. આ ક્રાંતિકારી સેવા ગ્રાહકો માટે આસાન અને અનુકૂળ છે'.

જિલ્લાના સ્પે. ખેલમહાકુંભ શારીરિક ક્ષતિગ્રસ્ત, માનસિક ક્ષતિગ્રસ્ત, ડેફ અને અંધ ખેલાડીઓની સ્પર્ધામાં વિજેતા ઉમેદવારોના બેંક એકાઉન્ટ જોગ

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર/ગ્રામ્યની ખેલમહાકુંભ-૨૦૧૯ ની જિલ્લાકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પે. ખેલમહાકુંભ-૨૦૧૯ શારીરિક ક્ષતિગ્રસ્ત, માનસિક ક્ષતિગ્રસ્ત, ડેફ અને અંધ ખેલાડીઓની સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓ/સ્પર્ધકોને રોકડ પુરસ્કાર ખેલાડીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ અમુક ખેલાડીઓના બેન્ક ખાતા ન હોવાના કારણે ખેલાડી દ્વારા રોકડ પુરસ્કારનું બેન્ક ખાતાની વિગતવાળુ ફોર્મ ભરેલ ન હતું.

કચેરી દ્વારા વારંવાર લેખિત-મૌખિક અને ટેલીફોનીક જાણ પણ કરેલ હતી. તેમ છતાં ઘણા બધા ખેલાડીઓ દ્વારા જરૂરી બેન્કની માહિતી રજુ કરવામાં આવી નથી. જે ખેલાડીઓએ બેન્કની માહિતી રજુ કરેલ ન હોય અથવા બેન્ક બેન્ક એકાઉન્ટ ખોલાવેલ ન હોય તો બેન્ક એકાઉન્ટ ખોલાવી તાત્કાલિક ઈનામની રકમ મેળવવા માટેનું ફોર્મ ભરી બેન્કની જરૂરી સમગ્ર માહિતી સાથે ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ''સી'' વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ હોટલની બાજુમાં, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ આવીને તા.૨૩-૦૨-૨૨ સુધી બેન્ક એકાઉન્ટની માહિતી આપી જવાની રહેશે. આપના દ્વારા બેન્ક એકાઉન્ટની માહિતી તા.૨૩-૦૨-૨૦૨૨ સુધીમાં આપવામાં નહિ આવે અને ઈનામથી વંચિત રહેશો તો તે અંગેની સમગ્ર જવાબદારી ટીમ/ખેલાડી/સ્પર્ધકની પોતાની રહેશે. જે અત્રેની કચેરીની કોઈ જવાબદારી રહેશે નહિં.



એપોલો ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓનો જીટીયુમાં પ્રથમ ક્રમ

એપોલો ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી હેઠળ વિશ્વકર્મા યોજનાના ફેઝ-૮ માટે રણાસણ ગામની પસંદગી કરી હતી. રાજ્યની તમામ સંસ્થાઓમાં, એપોલો કોલેજના વિદ્યાર્થીઓએ પ્રોજેક્ટ રિપોર્ટમાં જીટીયુમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે જેમાં સિવિલ એન્જિનિયરિંગમાંથી અર્થ પટેલ અને કેવલ પ્રજાપતિ તથા ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના દિપક ચૌધરીએ પ્રોફેસર વિક્કી શાહના માર્ગદર્શન હેઠળ વીઆર અને એઆર ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. આ માટે પ્રોફેસર પૂર્વેશ રાવલ અને પ્રોફેસર જાવેદ ખાને નોડલ ઓફિસર તરીકે સંસ્થા અને યુનિવર્સિટીના સહયોગથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રોસેસ ચાર્જ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાઇઝ કમિટી નિયત કરવામાં આવી છે. તેમાં મ્યુનિ કમિશ્નર ચીફ ટાઉન પ્લાનર, માર્ગ મકાન વિભાગ તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓનો સમાવેશ કરાયો છે. સંસ્થાએ પસંદ કરેલી જમીન સંદર્ભે ગુડાના તંત્ર દ્વારા સંબંધિત જમીનની આસપાસના બે કીલોમીટર વિસ્તારમાં ચાલતા બજાર ભાવ માટે વેચાણના દસ્તાવેજો મેળવીને જમીનના ભાવની સરેરાશ કાઢવામાં આવે છે અને ત્યારબાદ નકશા તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રીયા પહેલા જ સંસ્થાના અધિકારીઓને સ્થળ પર લઈ જઈ પ્લોટ બતાવે છે જયારે આ મામલે લેન્ડ પ્રાઇઝ કમિટી દ્વારા જ પ્રતિ ચોરસ મીટર મુજબ જમીનના ભાવ નકકી કરવામાં આવે છે. પરંતુ જમીનનો ભાવ જાણીને સંસ્થા ખરીદી કરવાનુ ટાળે છે. આ સ્થિતિને નિવારવા તેમજ સમય અને નાંણાનો વેડફાટ ન થાય તે માટે હવે ગુડાએ જમીન મામલે અરજદાર પાસેથી સંબંધિત વિસ્તારની જંત્રીની એક ટકા રકમ વસુલવાનો નિર્ણય લીધો છે.

ફાંસી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને હવે ચુકાદો સંભળાવવામાં આવ્યો છે. આ અઠવાડિયે સોમવારે ફરિયાદ પક્ષે દલીલો પૂર્ણ કરી હતી અને આરોપીને મહત્તમ સજાની વિનંતી કરી હતી. જ્યારે બચાવ પક્ષે મંગળવારે સજા પર તેની દલીલો પૂરી કરી હતીને વધુ સમય માંગ્યો હતો. ત્યારબાદ બુધવાર અને ગુરુવારની રાહ જોયા બાદ હવે સજાનો ચુકાદો આવી ગયો છે.

કોર્ટે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૭૭ આરોપીઓ સામે ટ્રાયલની કાર્યવાહી પૂરી કરી હતી. ટ્રાયલ હેઠળના ૭૮ આરોપીઓમાંથી એક સરકારી સાક્ષી બન્યો હતો. પોલીસનો દાવો છે કે આરોપીઓ આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદીન સાથે સંકળાયેલા હતા. ઈન્ડિયન મુજાહિદીનના આતંકવાદીઓએ ૨૦૦૨ના ગોધરા રમખાણોનો બદલો લેવાનું કાવતરું ઘડ્યું હોવાનો આરોપ છે.

૨૬ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દી છે તેમજ ત્રણ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાલજમાં ૫ કેસ, કુડાસણમાં ૨, સે. ૭ માં ૨ કેસ, સે. ૧૨ માં ૩ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત પેથાપુર, વાસણા હડમતિયા, સે. ૧૯, સે. ૧, સે. ૨૬ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૭૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેસનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

બ્રાજિલમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દુર્ઘટના એટલી તો ભયાવહ છે કે તેમાં બચી ગયેલા લોકો હજુ પણ ગંભીર આઘાતમાં છે. તેમાંથી કેટલાકે કહ્યું કે અમને હજુ પણ લોકોની મરણચીસો સંભળાઈ રહી છે જેઓ કાટમાળ હેઠળ ધસી ગયા તેમનો અવાજ સાંભળ્યો પણ અમે કંઈ કરી શક્યા નહીં. અમે પોતાની જાતને ખૂબ જ લાચાર અનુભવી રહ્યા છે.

ગવર્નર ક્લોડિયા કાસ્ત્રોએ બુધવારે જણાવ્યું હતું કે યુદ્ધ જેવી સ્થિતિ છે અને એ પ્રભાવિત ક્ષેત્રોથી કાટમાળ સાફ કરાવવા માટે આસપાસનાં રાજ્યો પાસેથી ભારે મશીનરી સહિત દરેક શક્ય મદદ મગાવી રહ્યાં છે. રાજ્યના ફાયર વિભાગે મંગળવારે મોડી રાતે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૮૦ સૈનિકો બચાવ અભિયાનમાં લાગ્યા છે. વિભાગે જણાવ્યું હતું કે વિસ્તારમાં દિવસમાં ત્રણ કલાકની અંદર ૨૫.૮ સેન્ટિમીટર વરસાદ થયો છે. જે આ પહેલાંના ૩૦ દિવસમાં થયેલા વરસાદ જેટલો છે.

વૃક્ષોની કટોતી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં માર્ગ વાઇડનીંગ અને નવા બિલ્ડીંગો બાંધવાની યોજનાઓ પણ હરિયાળી માટે ઘાતક પુરવાર થઈ રહી છે. શહેરના ગ માર્ગના વાઇડનીંગ માટે પણ ઘણાં વૃક્ષોનો સોથ વળી જશે. જયારે સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે પણ અનેક વર્ષો જુના વૃક્ષો કપાતા સ્થાનિકોમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો હતો. શહેરના ચ માર્ગ પર મેટ્રો રેલ પ્રોજેકટને અનુલક્ષી કામગીરી ચાલી રહી છે.

માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જમાં મેટ્રો રેલને અનુલક્ષી ખોદકામ સહીતનુ કામ હાથ ધરાયુ છે. જેના લીધે ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં નિખરતી હરિયાળી પણ હવે અદ્રશ્ય થઇ રહી છે. સેન્ટ્રલ વર્જમાં રંગબેરંગી ફુલો નિખરે તેવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી.

પરંતુ હાલ ચ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં હરિયાળા રોપાઓની સફાઇ કરી દેવામાં આવી છે. ચ -૨ થી સે-૭ : ૮ ની ચોકડી વચ્ચે માર્ગ વચાળેના વર્જમાં મેટ્રો પ્રોજેકટને અનુલક્ષી કામગીરી ચાલી રહી છે. જયારે આ રૂટમાં હાલ વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી રહી છે. આજે પણ સેન્ટ્રલ વર્જમાં લીમડાના વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જેના લીધે દિવસ દરમિયાન માર્ગ પરથી પસાર થઇ રહેલા પર્યવારણ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તયો હતો.